# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-03-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MODI NAVSARI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી રાજ્યની બે દિવસની મુલાકાતે આવનાર છે. આ દરમિયાન , 8 માર્ચ, એટલે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે શ્રી મોદીની અધ્યક્ષતામાં નવસારીમાં વાંસી-બોરસી ખાતે 'લખપતિ દીદી સંમેલન ' નું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીનાં હસ્તે રાજ્યની 25 હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને 450 કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવશે.

આ સંમેલનમાં નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાની એક લાખ મહિલાઓ ભાગ લેશે. પસંદ કરવામાં આવેલ 10 લખપતિ દીદીઓ સાથે શ્રી મોદી સંવાદ કરશે અને 5 લખપતિ દીદીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરશે.

દરમિયાન, અંત્યોદય પરિવારોની સ્વસહાય જૂથોની મહિલાઓને નાણાકીય સહાય માટે 'જી-સફલ' તેમજ ગ્રામીણ આજીવિકા માટે કાર્યરત સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય માટે 'જી-મૈત્રી' યોજનાનો શુભારંભ પણ કરાશે.

. . . . . . . . . . . . .

# BJP PRAMUKH

ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે વિવિધ જિલ્લા અને શહેરના પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે હાલના પ્રમુખ અનિલ પટેલને રીપિટ કરવામાં આવ્યા છે. પ્રદેશ મહામંત્રી રજની પટેલે તેમના નામની જાહેરાત કરી હતી. આ અંગે અનિલ પટેલે પ્રતિક્રિયા આપી.

**(બાઇટ: અનિલ પટેલ – જિલ્લા પ્રમુખ, BJP)**

જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ તરીકે ગૌરવ રૂપારેલિયા અને જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે ચંદુ મકવાણાની વરણી કરવામાં આવી છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી જયંતિ કુંડારીયાએ આજે જુનાગઢ ભાજપ કાર્યાલય ખાતે આ બંને નામની જાહેરાત કરી હતી.

મહીસાગર જિલ્લાના ભાજપ પ્રમુખ દશરથ બારીયાની નિમણૂક કરાઇ હતી. ભાવનગર શહેર ભાજપના પ્રમુખ તરીકે કોર્પોરેટર અને પૂર્વ ડેપ્યુટી મેયર કુમારભાઈ શાહના નામની જાહેરાત કરવામાં આવી હતી.

જામનગર જિલ્લાના ભાજપ પ્રમુખ તરીકે ડોક્ટર વિનોદ ભંડેરીના નામની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપ દ્વારા સુરજ વસાવાની તાપી જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે વરણી કરાઇ છે.

મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે ગીરીશ રાજગોરની નિમણૂક કરાઈ છે જ્યારે બનાસકાંઠા જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે કીર્તિસિંહ વાઘેલા અને નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે ભૂરાભાઈ શાહને રિપીટ કરાયા છે.

. . . . . . . . . . . . .

# RAGHAVJI PATEL GNR

કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે ગાંધીનગર ખાતે પશુપાલન વિભાગ હેઠળના ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની નવી કચેરીનું લોકાર્પણ કર્યું હતું. લોકાર્પણ બાદ શ્રી પટેલે બોર્ડના અધિકારી-કર્મચારીઓ સાથે સંવાદ કરીને તેમની કામગીરીની સમીક્ષા કરી હતી. સાથે જ તેમણે રાજ્યના પશુઓ-પ્રાણીઓના કલ્યાણ માટે વધુ ઉત્સાહ સાથે કામ કરવા સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

. . . . . . . . . . . . .

# NAGARPALIKA HODDEDAR

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જીત મેળવ્યા બાદ ભાજપ દ્વારા વિવિધ નગરપાલિકાઓના પ્રમુખ અને ઉપપ્રમુખોની નિમણૂક કરવામાં આવી રહી છે. પંચમહાલ જિલ્લાની કાલોલ નગરપાલિકામાં હસમુખ મકવાણાને પ્રમુખ તરીકે નિયુક્ત કરાયા છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે ગૌરાંગ દરજીની નિમણૂક કરાઈ છે.  જ્યારે હાલોલ નગરપાલિકાના પ્રમુખ તરીકે નિશાબેન દેસાઈ, ઉપપ્રમુખ તરીકે ડો.સંજય પટેલની વરણી કરાઈ હતી.

. . . . . . . . . . . . .

# NAGAR PALIKA PRAMUKH VARNI

પાટણ જિલ્લામાં હારિજ, ચાણસ્મા અને રાધનપુર નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદે મહિલાઓની વરણી કરવામાં આવી છે. રાધનપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં નગરની સાત વોર્ડની 28 બેઠકની યોજાયેલી ચૂંટણીમાં ભાજપને 25 બેઠક અને કોંગ્રેસે ત્રણ બેઠક જીતી હતી.

. . . . . . . . . . . . .

# RAGHAVJI PATEL GNR

કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે ગાંધીનગર ખાતે પશુપાલન વિભાગ હેઠળના ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની નવી કચેરીનું લોકાર્પણ કર્યું હતું. લોકાર્પણ બાદ શ્રી પટેલે બોર્ડના અધિકારી-કર્મચારીઓ સાથે સંવાદ કરીને તેમની કામગીરીની સમીક્ષા કરી હતી. સાથે જ તેમણે રાજ્યના પશુઓ-પ્રાણીઓના કલ્યાણ માટે વધુ ઉત્સાહ સાથે કામ કરવા સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા-માલવણ હાઇવે પર ટ્રેલર અને કાર વચ્ચે અકસ્માત થતાં ત્રણ વ્યક્તિના મોત થયા. સુરેન્દ્રનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે એક પરિવાર અમદાવાદથી ધાંગધ્રા પરત આવી રહ્યો હતો ત્યારે તેમની કાર અને ટેલર વચ્ચે હરીપર પાસે અકસ્માત સર્જાયો હતો,

. . . . . . . . . . . . .

# SVPI DIGITAL PAYMENT

અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટે તેની પાર્કિંગ સેવાઓ માટે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ રજૂ કરીને મુસાફરોની સુવિધા વધારવા મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ નવતર પહેલ થકી મુસાફરો UPI, ડિજિટલ વોલેટ્સ, ડેબિટ, ક્રેડિટ કાર્ડ્સ અથવા ફાસ્ટેગ-આધારિત ઓટોમેટિક ડિડક્શન દ્વારા પાર્કિંગ ચાર્જ સરળતાથી ચૂકવવી શકાશે.

નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ ભારત સરકારની ડિજિટલ ઇન્ડિયા ' પહેલ સાથે સુસંગત છે. મુસાફરો હવે UPI, ડેબિટ- ક્રેડિટ કાર્ડ્સ અને મોબાઇલ વોલેટ્સ જેવા વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ચુકવણી કરી શકે છે.

. . . . . . . . . . . . .

# ARVALLI- POSHAN UTSAV

અરવલ્લી જિલ્લા આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા મોડાસા શહેરના ડૉ.આંબેડકર ભવન હોલ ખાતે જિલ્લા કક્ષાનો પોષણ ઉત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો.

જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રિયંકા ડામોરની અધ્યક્ષતામાં "પોષણ ઉત્સવ- અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લાના 6 તાલુકા ઘટકના બહેનોએ કાર્યક્રમ સ્થળે વાનગી સ્ટોલ ઉભા કરીને વિવિધ વાનગી પ્રદર્શિત કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા અધિક કલેકટર ,આઈ.સી.ડી.એસના મુખ્ય અધિકારી તેમજ અન્ય મહાનુભાવો અને આંગણવાડી કાર્યકર બહેનોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# MAHESANA - NATURAL AGRICULTURAL SALES SYSTEM

મહેસાણા જિલ્લા કલેકટર કચેરી ખાતે જીલ્લા કલેકટર એસ.કે.પ્રજાપતિની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ સમીક્ષા બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં કલેકટરે  પ્રાકૃતિક કૃષિના વધારે પ્રચાર પ્રસાર કરવા ઉપર ભાર મુક્યો હતો. તેમજ પ્રાકૃતિક કૃષિ વેચાણ વ્યવસ્થા , જીવામૃત, ધન જીવામૃત સહાય યોજના બાબતે દેશી ગાય નિભાવ ખર્ચ યોજનાની કામગીરી બાબતે ચર્ચા કરાઈ હતી. આત્માના પ્રોજેકટ ડાયરેકટર તેજલ શેઠે કહ્યું હતું કે જિલ્લામાં 29 હજાર 230 ખેડૂતો અંદાજીત 12 હજાર 276 એકર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

. . . . . . . . . . . . .